# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) **શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે કહ્યું, આગામી ડિસેમ્બર સુધીમાં તબક્કાવાર 24 હજાર 700 શિક્ષક સહિતના સંવર્ગોની ભરતી કરાશે.**
2) **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ નર્મદા નદીના નીરના વધામણાં કરવા આજે કેવડીયા જશે.**
3) નેપાળના પૂરમાં ફસાયેલા વલસાડના નવ લોકોને ભારતીય સેનાએ બચાવી લીધા.
4) **અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથકને પ્રતિષ્ઠિત પ્લેટિનમ એવોર્ડ મળ્યો.**
5) **ગાંધીનગરના ગીર ફાઉન્ડેશન દ્વારા આવતીકાલથી આઠમી ઑક્ટોબર દરમિયાન વન્યજીવ સપ્તાહની ઉજવણી કરાશે.**

---

## AMRELI KUBER DINDOR TEACHERS BHARTI

રાજ્યમાં આગામી ડિસેમ્બર મહિના સુધીમાં તબક્કાવાર 24 હજાર 700 શિક્ષક સહિતના સંવર્ગોની ભરતી કરવાની રાજ્ય સરકારનો હેતુ હોવાનું શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું.

અમરેલીમાં ગાયત્રી સંસ્કારધામ ખાતે જિલ્લા શિક્ષણ પરિવાર દ્વારા યોજાયેલા પરિણામ સુધારણા કાર્યક્રમના સમાપન દરમિયાન શ્રી ડિંડોરે આ મુજબ જણાવ્યું હતું. દરમિયાન શ્રી ડિંડોરે અનુદાનિત શાળાના આચાર્યો સાથે સંવાદ કર્યો હતો.

શ્રી ડિંડોરે ઉંમેર્યું કે, ‘આ ભરતી પ્રક્રિયા બાદ નીચેની જગ્યા ખાલી ન રહે તેની કાળજી રાખતા ઉપલા ક્રમેથી ભરતી કરવાની પદ્ધતિ લાગુ કરવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન શિક્ષણમંત્રીએ રાજ્યસ્તરે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સન્માન કર્યું હતું.

---------------------------------------------------------------------

## Raksha Shakti Girls School

**શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોરના હસ્તે અમરેલીના ચલાલામાં સૌરાષ્ટ્રની પ્રથમ રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલનું ઉદ્ઘાટન કરાયું. યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત આ શાળામાં પ્રથમ વર્ષે 70 વિદ્યાર્થીનીઓને પ્રવેશ અપાયો છે. શિક્ષણમંત્રીએ કહ્યું કે, રાજ્યમાં સરકાર દ્વારા 10 રક્ષાશક્તિ સ્કૂલ આપવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં વિદ્યાર્થિનીઓની પ્રથમ રક્ષાશક્તિ સ્કૂલની મંજુરી સરકારે અમરેલી જિલ્લાને આપી છે.**

---------------------------------------------------------------------

## NARMADA NIR NA VADHAMNA - CM

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ  નર્મદા બંધ સંપૂર્ણ ભરાઈ જતાં નર્મદા નદીના નીરમાં વધામણાં કરવા આજે કેવડીયા જશે.

તેમની સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ પણ આ કાર્યક્રમમાં જોડાશે. બાદમાં નર્મદા બંધના 10થી વધુ દરવાજા ખોલવામાં આવશે અને નર્મદા નદી બે કાંઠે થશે. જેને લઈ ભરૂચ નર્મદા અને વડોદરાના 42 જેટલા ગામોને સાવચેત કરાયા છે. હાલ બંધની સપાટી 138.61 મીટરે પહોંચી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં મોસમનો અત્યાર સુધીનો 137 ટકા વરસાદ નોંધાયાના અહેવાલ છે. રાજ્યના ફરી એકવાર મેઘમહેર થતાં અનેક નદીઓની જળસપાટીમાં વધારો થયો છે.

---

## ARMY RESCUE IN NEPAL - VALSAD

નેપાળના પૂરમાં ફસાયેલા વલસાડના નવ લોકોને ભારતીય સેનાએ બચાવી લીધા છે. વલસાડના અમારા પ્રતિનિધિ નવિન પટેલ જણાવે છે કે, પારડી તાલુકાના નવ લોકો નેપાળના પશુપતિનાથ મહાદેવની જાત્રાએ ગયા હતા. દરમિયાન પૂર આવતાં તેઓ ત્યાં ફસાઈ ગયા હતા.

આ અંગે લોકસભા સાંસદ ધવલ પટેલે કેન્દ્રીય ગૃહમંત્રીને રજૂઆત કરતાં ભારતીય સેનાએ હેલિકૉપ્ટર મારફતે બચાવ અભિયાન હાથ ધર્યું હતું. સેનાએ પારડીના નવ અને છત્તીસગઢના સાત એમ કુલ 16 લોકોને બચાવી લીધા હતા.

---

## AIR PORT AWARD

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથકને પ્રતિષ્ઠિત પ્લેટિનમ એવોર્ડ એનાયત થયો છે.

તાજેતરમાં નવી દિલ્હીમાં આયોજીત સોસાયટી ઓફ એનર્જી એન્જિનિયર્સ એન્ડ મેનેજર્સ એવોર્ડ્સ શ્રેણીમાં આ સન્માન પ્રાપ્ત થયું છે. અમદાવાદના વિમાનમથકની પહેલથી 30 ટકા ઊર્જાની બચત થાય છે.

વિમાનમથક પર આઠ ઇન્ટરનલ કમ્બશન એન્જિન વાહનોના સ્થાને ઇલેક્ટ્રીક વાહનો મુકવામાં આવ્યા હતા. જેના કારણે અંદાજે વાર્ષિક પાંચ હજાર લિટર ડીઝલની બચત અને ગ્રીનહાઉસ ઉત્સર્જનમાં ઘટાડો થયો હતો. 33 ટન રેફ્રિજરેશન ફેન કોઇલ યુનિટ્સ એકમો વિવિધ વિસ્તારોમાં મૂકવામાં આવ્યા હતા. જેના પરિણામે પરંપરાગત એર કન્ડીશનીંગ એકમોની સરખામણીમાં લગભગ 25 ટકા વીજળી બચાવે છે.

---------------------------------------------------------------------

## AMDAVAD ROJGAR MELO

અમદાવાદની મદદનીશ નિયામક રોજગારની કચેરી દ્વારા આજે સવારે 11 વાગ્યે કુબેરનગર ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન – I.T.I. ખાતે ભરતી મેળાનું આયોજન કરાયું છે. કચેરીની અખબારી યાદીમાં જણાવાયું છે કે, આ મેળામાં 20 જેટલી કંપનીઓ યુવાનોની પસંદગી કરશે.

વિવિધ કંપનીઓ, એપ્રેન્ટિસશીપ, સેલ્સ એન્ડ સર્વિસ એન્જિનિયર, સેલ્સ એક્ઝિક્યૂટીવ, એકાઉન્ટન્ટ, એડમિન સહિતની જેવી વિવિધ જગ્યાઓ માટે ધોરણ 10, 12 પાસ, સ્નાતક, I.T.I., ડિપ્લોમા ડિગ્રી જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેશે. ઈચ્છુક ઉમેદવારોએ આધારકાર્ડ, બાયોડેટાની ત્રણથી વધુ નકલ સાથે કચેરીએ હાજર રહેવું પડશે.

---------------------------------------------------------------------

## GIR FOUNDATION VANYAJIV SAPTAH

ગાંધીનગરમાં આવતીકાલથી આઠમી ઑક્ટોબર દરમિયાન વન્યજીવ સપ્તાહની ઉજવણી કરાશે. ગીર ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા નાગરિકોમાં વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાના હેતુસર ઉજવણીનું આયોજન કરાયું છે.  આ સપ્તાહ દરમિયાન ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ અને અરણ્ય ઉદ્યાનમાં મુલાકાતીઓને નિ:શુલ્ક પ્રવેશ અપાશે. આ વર્ષે 'ગીર' ફાઉન્ડેશન દ્વારા સ્વચ્છતા અભિયાન, બર્ડ વૉક, વિદ્યાર્થીઓ માટે કાર્યશાળા કમ તાલીમ, ઇકો ક્લબ ટિચર્સ ટ્રેનિંગ, વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફી, તસવીર પ્રદર્શની તેમજ બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન પણ કરાયું છે એમ ગીર ફાઉન્ડેશનના નિયામકની યાદીમાં જણાવાયું છે.

------------------------------------------------------------------

## MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

------------------------------------------------------------------

## Swachhta Hi Seva Rajkot & Palanpur

**‘સ્વચ્છતા હી સેવા’ પખવાડિયા અંતર્ગત દેશમાં ‘સ્વચ્છતા’ અભિયાન ચાલી રહ્યું છે.**

જે અંતર્ગત નગર-ગામના વિવિધ સ્થળોની સફાઈ સાથે નાગરિકોમાં સ્વચ્છતાના સંસ્કાર વધુ દ્રઢ બનાવવા જાગૃતિ અભિયાન પણ ચાલી રહ્યા છે. રાજકોટની જેતપુર નવાગઢ નગરપાલિકા દ્વારા વિશેષ સ્વચ્છતા ઝૂંબેશ અંતર્ગત લોકોને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. ઉપરાંત લારીઓમાં એકવાર ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિક અંગે ઝૂંબેશ હાથ ધરાઈ તેમજ આસપાસ સ્વચ્છતા જાળવવા માટે સૂચના આપવામાં આવી હતી.

રાજકોટ જિલ્લાના જામજોધપુરમાં સવજાણી કોલેજ ખાતે યોજાયેલા સ્વચ્છતા વર્ગમાં નગરપાલિકાના કર્મચારીઓએ વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે પાઠ ભણાવ્યા હતા. આ તકે ઘર અને કોલેજમાં ઘનકચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતા જાળવણીની રીત વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બનાસકાંઠાના પાલનપુર ખાતે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં "સ્વચ્છતા સંવાદ" કાર્યક્રમ યોજાયો. દરમિયાન સ્વચ્છતા બાબતે જાગૃતિ કેળવાય અને લોકભાગીદારી થકી આજુબાજુ રહેલી ગંદકીને દુર કરીને સૌ કોઈ ને સફાઈ અભિયાનમાં જોડાવા અધિકારીઓએ અપીલ કરી હતી.

જસદણ નગરપાલિકા દ્વારા સેવાસેતુ અને સ્વચ્છતા સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. સેવાસેતુ કાર્યક્રમમાં અરજદારોના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરાયો હતો તથા  સ્વચ્છતા સંવાદ થકી જસદણ શહેરની સ્વચ્છતા કાયમી જળવાઈ રહે તે અંગે શહેરના નાગરિકોને માહિતગાર કરવાની સાથે સ્વચ્છતાના શપથ લેવડાવામાં  આવ્યા હતા.

પીપલોદ ખાતે પંચાયત અને કૃષિમંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંત્રીશ્રીના હસ્તે વિવિધ લાભાર્થીઓને

**તેમના પ્રમાણપત્રો, વ્યક્તિગત યોજનાકીય લાભોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે શ્રી ખાબડે કહ્યું કે, નાગરિકોની રજૂઆતોનો ઘરઆંગણે ઉકેલ લાવી સરકારે સેવા સેતુ કાર્યક્રમ થકી પારદર્શક પ્રશાસનની નાગરિકોને પ્રતિતી કરાવી છે.**

-------------------------------------------------------------

## TEKA NA BHAVE KHARIDI – Raghavji Patel

રાજ્ય સરકાર દ્વારા આગામી 11મી નવેમ્બરથી ૧૦ દિવસ સુધી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરાશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જાહેરાત કરી છે કે લાભ પાંચમ પછી આ ખરીદીની શરૂઆત થશે.

આ વર્ષે મગફળીના વ્યાપક ઉત્પાદનને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્ય સરકારે ખેડૂતલક્ષી નિર્ણય કર્યો છે. ખેડૂતો ત્રીજીથી 31 ઑક્ટોબર સુધી ઈ-ગ્રામ કેન્દ્રો પરથી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરાવી શકશે. ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી અંગેની ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં કૃષિ મંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠક બાદ કૃષિમંત્રીએ આ અંગે જાહેરાત કરી.

-------------------------------------------------------------